ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યાં વગર પરત મોકલવું.

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ - 380 004.

# બાળ સત્સંગ - બીજી

રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯ | સમય : સવારે ૯ થી ૧૧ | કુલ ગુણ : ૧૦૦

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

**પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧ (૧૦) | |
| | ૨ (૧૦) | |
| | ૩ (૧૦) | |
| | ૪ (૧૦) | |
| | ૫ (૧૦) | |
| વિભાગ - ૧, કુલ ગુણ | | |

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ — તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષાર્થીનો અભ્યાસ .......................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઈઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..................................................

પરીક્ષક તરફથી પાંચ ગુણ સારા અક્ષર અને સ્વચ્છ લખાણના આપવામાં આવશે

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૬ (૧૦) | |
| | ૭ (૫) | |
| | ૮ (૧૦) | |
| | ૯ (૧૦) | |
| | ૧૦ (૧૦) | |
| સારા અક્ષર (૫ ગુણ) | | |
| વિભાગ - ૨, કુલ ગુણ | | |

**પાછળ લખેલી સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.**

**પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી**

......................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . .

ચેકર - નામ

## પરીક્ષાર્થીઓને અગત્યની સૂચના :-

**૧. આગળના મુખ્ય પૃષ્ઠ ઉપર પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે બારકોડ દર્શાવેલ છે, તેને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

૨. પરીક્ષાર્થીએ ખૂબ જ સ્પષ્ટ તથા સુંદર અક્ષરે આગળના પાનામાં માંગ્યા મુજબ વિગતો ભરવી ફરજિયાત છે.

૩. આપે ઉત્તરવહીમાં (જવાબવહીમાં) ક્યાંય કોઈ પણ જગ્યાએ આપનું નામ લખવાનું નથી.

૪. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

**૫. વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૬. પ્રશ્નના ગુણ → | ગુણ : ૧ | | ← પરીક્ષકે પ્રશ્ન તપાસીને મૂકવાના ગુણની જગ્યા

**૭. પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૮. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૯. **પરીક્ષા ખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

**૧૦. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલ પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.**

**૧૧. જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલ ઉત્તર માન્ય ગણાશે નહિ.**

## *Important Instructions For Satsang Exam Students*

1. **Please do not damage in any way the bar code printed on the front page.**
2. Please write clearly and legibly.
3. Do not write your name on the answer book.
4. On the day of the Final Satsang Examinations, all examinees should obtain the signature of the class supervisor on the answer sheet bearing their own personal details only.
5. Answer books without the signature of the Class Supervisor will be considered **not valid.**
6. Marks for Question → | 1 Mark | | ← Space for Examiner to write marks
7. **Write your answers with either a blue or black pen only. Answers written in pencil, or with a red, green or any other coloured pen will not be considered valid. Answers written in more than one coloured ink will not be considered valid.**
8. Follow the instructions while answering. Answers crossed out will not be considered valid.
9. Examinations taken at **unauthorized locations** or in which the exam rules have been violated will not be considered valid.
10. **Without the prior permission of the Pariksha Karyalay in Ahmedabad, answer papers written by substitute writers in place of the original candidate will not be accepted. Answer papers with more than one type of handwriting will not be accepted.**
11. **Answers written on extra pages will not be considered valid.**

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧ | |
|---|---|---|

## વિભાગ : ૧

**પ્ર.૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૧૦)**

૧. દુબળી ભટ્ટે ....પાઘડી.... માંથી તેર પૈસા કાઢી શ્રીજીમહારાજનાં ચરણે ધર્યા. (ખિસ્સા, પાકીટ, પાઘડી) ગુણ : ૧

૨. શ્રીજીમહારાજે અઢાર જણને જેતલપુરમાં ....રામદાસ સ્વામી.... પાસે દીક્ષા લેવા કહ્યું. (ગુણતીતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, રામદાસ સ્વામી) ગુણ : ૧

૩. જગજીવન કચ્છનો ....દીવાન.... હતો. (મંત્રી, દીવાન, રાજા) ગુણ : ૧

૪. ગઢડાના દરબાર દાદાખાચરને બે બહેનો ....જીવુબા.... અને લાડુબા હતાં. (જીવુબા, લાધીમા, ઝમકુબા) ગુણ : ૧

૫. અરદેશર કોટવાલના ભાઈ ....પીરુશા.... હતા. (શામળશા, પીન્ટુશા, પીરુશા) ગુણ : ૧

૬. બે નાની આંખ, ....પ્રભુને.... જોવા માટે. (પ્રભુની રચના, પ્રભુને, ટીવી) ગુણ : ૧

૭. ....ભાવનગર.... માં યોગીજી મહારાજનો થાળ શ્રીજીમહારાજ જમી ગયા. (ભાવનગર, ધારી, ગોંડલ) ગુણ : ૧

૮. એકાદશી દર ....૧૫.... દિવસે એકવાર આવે છે. (૫, ૧૦, ૧૫) ગુણ : ૧

૯. નારાયણસ્વરૂપદાસજીએ પ્રમુખ બન્યા પછી પહેલું કામ ....વાસણ માંજવાનું.... કર્યું. (વાસણ માંજવાનું, આશીર્વાદ આપવાનું, ઉપવાસ કરવાનું) ગુણ : ૧

૧૦. શ્રવણને તીર મારનાર ....દશરથ.... હતા. (હિરણ્યકશિપુ, દશરથ, જગજીવન) ગુણ : ૧

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો | | ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૨. નીચે આપેલાં ખરા વાક્યની સામે '✔' (ખરા)ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે '✘' (ખોટા)ની નિશાની કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. મૂળજીનાં માતાનું નામ સાકરબા હતું. ....✔.... ગુણ : ૧

૨. સુંદરજી સુથાર કચ્છના રાજા હતા. ....✘.... ગુણ : ૧

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૨ | |
|---|---|---|

૩. શ્રીજીમહારાજ ઓગણીસ નવદીક્ષિત સંતોને જેતલપુરમાં મળ્યા. ✘ ગુણ : ૧

૪. સગરામના ઘરે શ્રીજીમહારાજ દહીં ને રોટલો જમ્યા. ✔ ગુણ : ૧

૫. ગઢડાનું મંદિર બાંધવા માટે દાદાખાચરે પોતાનો દરબારગઢ આપી દીધો. ✔ ગુણ : ૧

૬. ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ મુક્તાનંદ સ્વામીએ કરાવી હતી. ✘ ગુણ : ૧

૭. શાસ્ત્રીજી મહારાજે અટલાદરામાં ભવ્ય મંદિર બાંધ્યું. ✔ ગુણ : ૧

૮. નારાયણસ્વરૂપદાસજીને યોગીજી મહારાજે સંસ્થાના પ્રમુખ બનાવ્યા. ✘ ગુણ : ૧

૯. ઝીણાભાઈએ કમળશીભાઈ વાંઝાની સેવા કરી. ✔ ગુણ : ૧

૧૦. તિલક એ ભક્તિનું પ્રતીક છે અને ચાંદલો જ્ઞાનનું પ્રતીક છે. ✘ ગુણ : ૧

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૩. નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. રામાનંદ સ્વામીએ ભોળાનાથના દીકરાનું નામ મૂળજી શા માટે પાડ્યું ? ગુણ : ૧

ભોળાનાથના દીકરા મૂળ અક્ષર હતા તેથી રામાનંદ સ્વામીએ તેમનું નામ મૂળજી પાડ્યું.

૨. શ્રીજીમહારાજે મૂળજીને ખેતરમાં દર્શન આપ્યાં ત્યારે કયાં વસ્ત્રો પહેર્યાં હતાં ? ગુણ : ૧

શ્રીજીમહારાજે પીળું પીતાંબર અને માથે દક્ષિણી પાઘ પહેરી હતી.

૩. રામનવમીને શા માટે હરિજયંતી કહેવામાં આવે છે ? ગુણ : ૧

શ્રીજીમહારાજ એ જ હરિકૃષ્ણ મહારાજ. એ દિવસે તેમનો જન્મદિવસ હોવાથી રામનવમીને હરિજયંતિ કહેવામાં આવે છે.

૪. ગુણાતીતાનંદ સ્વામીના કયા પ્રશ્નથી રામા હાટીના દિમાગમાં અજવાળું થઈ ગયું ? ગુણ : ૧

હેં રામા હાટી ! જાનવર માણસનું ખાણું ન ખાય અને માણસ જાનવરનું ખાણું ખાય એ કેવું કહેવાય ?

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૩ | |
|---|---|---|

૫. ગુણાતીતાનંદ સ્વામીએ ગોંડલની જમીનનો લેખ લેવા એક દિવસની રાહ કેમ ન જોઈ ? ગુણ : ૧

ગુણાતીતાનંદ સ્વામી એ જ રાત્રે ધામમાં પધારી જવાના હતા માટે રાહ ન જોઈ.

૬. સુંદરજી સુતારે દાઢી-મૂછ મૂંડાવ્યાનું શું કારણ બતાવ્યું ? ગુણ : ૧

રાજકુંવરના લગ્નનું કાર્ય રૂડી રીતે પાર પડે એટલે અમારી કુળદેવીએ મોવાળા દેવાની બાધા રાખી હતી.

૭. ઉકાખાચર સભામાં શા માટે મોડા આવ્યા ? ગુણ : ૧

કૂતરાએ બગાડેલો ઓટલો સાફ કરી ફરી પાછા નદીએ નાહવા ગયા માટે ઉકાખાચર સભામાં મોડા આવ્યા.

૮. સાંજે ઘરમાં બધાંએ ભેગાં મળીને શું કરવું જોઈએ ? ગુણ : ૧

સાંજે ઘરમાં બધાંએ ભેગાં મળી સંધ્યા આરતી અને ધર્મગ્રંથમાંથી થોડું વાંચન કરવું જોઈએ.

૯. યોગીજી મહારાજ વૃદ્ધ અને અંધ સાધુ સાથે કેમ ફરતા ? ગુણ : ૧

એમના અનુભવ અને જ્ઞાનનો લાભ મળે માટે યોગીજી મહારાજ વૃદ્ધ અને અંધ સાધુ સાથે ફરતા.

૧૦. હિરણ્યકશિપુની બહેનનું નામ શું હતું ? તેની શું વિશેષતા હતી ? ગુણ : ૧

હિરણ્યકશિપુની બહેનનું નામ હોલિકા હતું. તેની વિશેષતા એ હતી કે તેને અગ્નિ સ્પર્શ કરી શકતો નહિ.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૪. નીચે આપેલાં અવતરણો કોણ, કોને કહે છે તે જણાવો. (કુલ ગુણ : ૧૦)**

૧. ''આપની આજ્ઞાની જ રાહ જોઉં છું.'' ગુણ : ૨

કોણ કહે છે ? મૂળજી કોને કહે છે ? મહારાજને

૨. ''રોમ રોમ 'મહારાજ મહારાજ' કરે છે, એને સમજાવું કેવી રીતે ?'' ગુણ : ૨

કોણ કહે છે ? સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) કોને કહે છે ? મુક્તાનંદ સ્વામીને

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૪ | |
|---|---|---|

૩. ''હું તમને રામ રોટી બાંધી દઉં.'' ગુણ : ૨

કોણ કહે છે ? ભગુભાઈ કોને કહે છે ? ગુણાતીતાનંદ સ્વામીને

૪. ''વખત આવશે ત્યારે ઉઘરાણી કરીશ.'' ગુણ : ૨

કોણ કહે છે ? સ્વામીશ્રી (શાસ્ત્રીજી મહારાજ) કોને કહે છે ? મોતીભાઈને

૫. ''હું તો બધું ભણેલો છું.'' ગુણ : ૨

કોણ કહે છે ? પ્રાગજી ભક્ત કોને કહે છે ? બાળમિત્રોને

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૫. નીચે આપેલાં પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં આપો. (કુલ ગુણ : ૧૦)**

૧. સાકરબાએ શ્રીજીમહારાજને મૂળજીની વાત કરતાં શું શું કહ્યું ? ગુણ : ૨

સાકરબાએ શ્રીજીમહારાજને મૂળજીની વાત કરતા કહ્યું, 'યાદ તો એવો કરે છે કે કંઈ કહેવાની વાત નહિ ! શ્વાસે શ્વાસે તમારું નામ લે છે. શી ખબર એને તમારા પર આટલું હેત કયાંથી છે ? અમે તો તમારું નામે નહોતું સાંભળ્યું, ત્યારનો એ તમને ઓળખે છે !'

૨. ગોપીનાથ મહારાજની જય બોલવાનું કારણ સમજાવતાં શ્રીજીમહારાજે કાઠીઓને શું કહ્યું ? ગુણ : ૨

શ્રીજીમહારાજે કાઠીઓને કહ્યું,

'તમે બધાય જાણો છો કે દૂબળી ભટ્ટની પાસે નથી ઘર, નથી બાર, નથી પડી રહેવાનો ઓટલો ! આ તેર પૈસા એની આખી જિંદગીની કમાણી છે. આણે તો બધું જ ભગવાનને દઈ દીધું ! હવે તમે જ કહો, ભગવાન પર એનો ભરોસો વધારે કે તમારો ?'

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૫ | |
|---|---|---|

૩. શ્રીજીમહારાજે ઝીણાભાઈની નનામી શા માટે ઉપાડી ? ગુણ : ૨

કમળશીનો ખાટલો ખભે લઈને ઝીણાભાઈ ચાલ્યા તેથી બમણાં ડગલાં ઝીણાભાઈની નનામી ઉપાડી મહારાજ ચાલ્યા. ભગવાનના ભક્ત થવું કઠણ છે, અને ભક્તના ભક્ત થવું તો એથીય કઠણ છે ! એવું કઠણ કામ ઝીણાભાઈએ કર્યું તેથી મહારાજનો તેમના પર રાજીપો હતો. તેથી શ્રીજીમહારાજે જીણાભાઈની નનામી ઉપાડી.

૪. ધોરીભાઈએ ડુંગરને ધ્રુવ જેવા શા માટે કહ્યા ? ગુણ : ૨

ધ્રુવ એટલે અચળ. ડુંગર ભક્ત પણ ધ્રુવજી જેવા અચળ હતા. એકવાર ડુંગર નક્કી કરે કે આમ કરવું છે, પછી સામે ભૂત, પ્રેત, સુર, અસુર, લાલચ કે લોભ આવે, જે સામું આવે તેના ભુક્કા કરી નાખે. આથી ધોરીભાઈએ ડુંગરને ધ્રુવ જેવા કહ્યા.

૫. પ્રમુખસ્વામી મહારાજ સિનેમા ન જોવા વિષે શું કહે છે ? ગુણ : ૨

પ્રમુખસ્વામી મહારાજ કહે છે, ‘‘સિનેમા ન જોવી, કારણ કે તેમાંથી ભગવાન ને ધર્મને માર્ગેથી પડી જવાય, અભક્ષ્ય વસ્તુ ખાવાનું મન થાય, ખોટું થાય, પૈસા અને મન બગડે.’’

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

## વિભાગ : ૨

**પ્ર.૬. નીચે આપેલાં પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની આગળના ચોરસ ખાનામાં ફક્ત જવાબ નંબર લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. [૪] કેટલા સાધુઓની મંડળી લઈને મુક્તાનંદ સ્વામી સુરત ગયા ? | ગુણ : ૧ | |

(૧) ૬૦ (૨) ૧૫૦ (૩) ૫૦૦ (૪) ૨૦૦

૨. [૩] વરતાલ હરિજયંતીના સમૈયે મહારાજ જોડે ન જતાં ગુણાતીતાનંદ સ્વામી કેટલા માંદા સંતોની સેવામાં રહ્યા ? | ગુણ : ૧ | |

(૧) ૧૮ (૨) ૨૨ (૩) ૧૯ (૪) ૧૧

૩. [૨] શ્રીજીમહારાજનાં અંતિમ દર્શન કરવા ગુણાતીતાનંદ સ્વામી રોજના કેટલા ગાઉ ચાલીને ગઢડા ગયા ? | ગુણ : ૧ | |

(૧) ૨૫ (૨) ૪૦ (૩) ૬૦ (૪) ૫૦

૪. [૩] શ્રીજીમહારાજે ૧૮ હરિભક્તોનાં નામ પત્રમાં લખી સાધુ થવા કહ્યું તેમાં જેનું નામ ન હતું તેને દીક્ષા આપી કયું નામ પાડ્યું ? | ગુણ : ૧ | |

(૧) મુક્તાનંદ સ્વામી (૨) આનંદાનંદ સ્વામી

(૩) અદ્‌ભુતાનંદ સ્વામી (૪) અખંડાનંદ સ્વામી

૫. [૧] અફીણ પીવાથી કેટલા કલ્પ સુધી નરકમાં રહેવું પડે ? | ગુણ : ૧ | |

(૧) ૧૦૦ (૨) ૧૦૦૦ (૩) ૨૦૦ (૪) ૧

૬. [૨] કેટલા વર્ષની ઉંમર સુધી ગુણાતીતાનંદ સ્વામીના દાંત અને આંખ સારાં હતાં ? | ગુણ : ૧ | |

(૧) ૪૦ (૨) ૮૨ (૩) ૮૦ (૪) ૭૫

૭. [૩] શાંતિભગતને ભાગવતી દીક્ષા ક્યાં આપી ? | ગુણ : ૧ | |

(૧) બોચાસણ (૨) અમદાવાદ (૩) ગોંડલ (૪) ચાણસદ

૮. [૧] ભગતજી મહારાજનો જન્મ ક્યાં થયો હતો ? | ગુણ : ૧ | |

(૧) મહુવા (૨) ધારી (૩) ભાદરા (૪) ચાણસદ

૯. [૪] શાંતિલાલે કઈ ઉંમરે ગૃહત્યાગ કર્યો ? | ગુણ : ૧ | |

(૧) ૨૧ વર્ષે (૨) ૨૮ વર્ષે (૩) ૧૧ વર્ષે (૪) ૧૭ વર્ષે

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૬ | | પ્ર-૭ | |
|---|---|---|---|---|

૧૦. [ ૪ ] જેતલપુરના યજ્ઞમાં શ્રીજીમહારાજે દરેક ઘરમાં કેટલા ઘઉં આપ્યા ? | ગુણ : ૧ | |

(૧) બે મણ  (૨) એક મણ  (૩) અઢી મણ  (૪) દોઢ મણ

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૭. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો <u>ક્રમાંક</u> પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં <u>ફક્ત જવાબનો ક્રમાંક</u> લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' | |
|---|---|---|---|
| ૧. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ | ૪ | ૧. જૂનાગઢ | ગુણ : ૧ |
| ૨. ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા | ૩ | ૨. ગોંડલ | ગુણ : ૧ |
| ૩. ગુણાતીતાનંદ સ્વામીને મહંત | ૧ | ૩. ડભાણ | ગુણ : ૧ |
| ૪. ગુણાતીતાનંદ સ્વામી ચાંદીની પાલખીમાં ન બેઠા | ૫ | ૪. ભાદરા | ગુણ : ૧ |
| ૫. ગુણાતીતાનંદ સ્વામીનું ધામગમન | ૨ | ૫. ખંભાત | ગુણ : ૧ |

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૮. નીચે આપેલી સ્વામીની વાતો પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. પાંચ-દશ વાર 'સ્વામિનારાયણ-સ્વામિનારાયણ' નામ જાણ્યે અજાણ્યે લેશે તેનું પણ આપણે કલ્યાણ કરવું પડશે ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે.

ગુણ : ૨

૨. ભગવાન જીવના ભગવાન જીવના ગુના સામું જોતા નથી, તે કોઈ જીવ ભગવાનની સ્મૃતિ કરીને એમ બોલે જે, 'હું ગુનેગાર છું' તો તેના ગુના ભગવાન માફ કરે છે.

ગુણ : ૨

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૮ | |
|---|---|---|

૩. જો મોટાપુરુષ મળે તો તેનો સંગ કરવો, નીકર ઊતરતાનો સંગ તો કરવો જ નહિ.

ગુણ : ૨

૪. ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય, એમ મહારાજ કહેતા.

ગુણ : ૨

૫. ભગવાન ને ભગવાનના ભક્તની સેવા, એ બે માં જ માલ છે.

ગુણ : ૨

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૯. નીચે આપેલાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ભોળા થઈને કરીએ અમે તો, ભાત ભાતની ભૂલો,

પણ તુજને ન ભૂલીએ હરદમ, અમે ચડાવીએ ફૂલો,

એ ફૂલોમાં મૂકીએ અમે તો (૨)

............................................................

............................................................ હરદમ પ્રાણ અમારા. ગુણ : ૨

૨. અતિ મનોહરં સર્વ સુન્દરં તિલકલક્ષણં ચંચલેક્ષણં ।

વિબુધવન્દિતં સ્વામિનાથ તે વપુરિહાસ્તુનો

............................................................

............................................................

............................................................

............................................................ નિત્ય દર્શને. ગુણ : ૨

૩. ઢોલ નોબત વાજાં વગાડી શ્રીજી મહિમા ગાશું,

ધજા રાખી ઊંચે ઊંચે દુનિયામાં લઈ જાશું.

સુખ આવે દુઃખ આવે, કોઈની ફિકર નથી,

અક્ષરધામમાં જાવું અમારે, સ્વામી

............................................................ પ્યારા સાથી. ગુણ : ૨

૪. કાજુ કમોદના ભાત કર્યા, મેં તો દાળ કરી બહુ સારી,

લીંબુ કાકડીનાં લેજો અથાણાં, કઢી કરી છે

............................................................

............................................................

............................................................ કાઠિયાવાડી. ગુણ : ૨

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૯ | |
|---|---|---|

૫. આચારઃ પરમો ધર્મઃ આચારઃ પરમં તપઃ ।

આચારઃ પરમં જ્ઞાનં આચારાત્

..............................................................

..............................................................

.............................. કિં ન સાધ્યતે ॥ ગુણ : ૨

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૧૦ નીચે આપેલાં પાઠમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. દ્વેષની સામે આશીર્વાદ ૨. હૂકો ને અફીણ ૩. ઠોઠ નિશાળિયો

( ૨ ) કાઠી દરબાર મૂળુખાચર એટલે હૂકો અને અફીણના બંધાણી. મહારાજ કહે આ હોકો છોડો. પણ ના છોડે અને મહારાજ પણ એમને ના છોડે. એકવાર મહારાજે મૂળુખાચરને સંઘમાં સાથે લીધા અને મૂળુખાચરે સાથે હૂકો અને અફીણ લીધા. એ સંઘ જ્યાં રોકાય ત્યાં મૂળુખાચર હોકો ગગડાવવા બેસી જાય. એક ગામમાં સંઘ રોકાયો બધા એક બીજાને હેતથી ભેટ્યા પછી મૂળુખાચરને જોઈ બધા મોં મચકોડે અને બોલે આ સ્વામિનારાયણિયો નથી ત્યારે મૂળુખાચરને થયું આ તો મારે લીધે આખો સંઘ વગોવાય છે ! એટલે મૂળુખાચરે હૂકાનો ઘા કર્યો. આજથી બંધ - આગળ ચાલ્યા. ત્યારે મૂળુભા અફીણ ઘોળતા હતા. બધા કહે આ સત્સંગી નથી. બહારથી સંઘમાં ઘૂસી ગયા લાગે છે ! ત્યારે મૂળુખાચરે કહ્યું હું બહારથી નથી ઘૂસ્યો, અંદરનો જ છું. મહારાજ પોતે મને અહીં લઈ આવ્યા છે ! ત્યારે હરિભક્તોએ કહ્યું આવું ખોટું બોલી મહારાજને શું કામ બદનામ કરો છો, ભાઈ ! આ શબ્દો મૂળુભાના કાળજામાં વાગ્યા. આ તો મારે લીધે મહારાજ વગોવાય છે અને મૂળુભાએ અફીણનો ઘા કરી દીધો. આજથી બધુંય બંધ. મૂળુભા બધા હરિભક્તો જેવા નિર્વ્યસની બની ગયા ! તે મહારાજને ખબર

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૦ | |
|---|---|---|

પડી. તેમણે મૂળુભાને પૂછયું આમ કેમ ? ત્યારે મૂળુભાએ કહ્યું મહારાજ, એકમાં સંઘ વગોવાતો હતો અને બીજામાં તમે વગોવાતા હતા, એટલે બેય છોડ્યા ? મહારાજ કહે 'પણ મેં તમને છોડવાનું કહ્યું નથી !' મૂળુભાએ કહ્યું એ જ તો ખૂબી છે તમારી ! આમ મહારાજ પશુમાંથી દેવ બનાવતા.

| ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો | | ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા |
|---|---|---|